# અરવલ્લીમાં અમૃતમ્ યોજનાના ૫૮ હજાર લાભાર્થીને સારવાર અર્થે અમદાવાદ કે સાબરકાંઠા જવુ પડે છે

મોડાસા, તા. ૨૪

ગુજરાત રાજ્ય આરોગ્ય વિભાગના દિશાનિર્દેશ અનુસાર મા અમૃતમ યોજના હેઠળ સારવાર મળી રહે તે માટે હોસ્પિટલો માટે ચોક્કસ ધારાધોરણ નક્કી કર્યા છે. જેમાં ટ્રોમા સેન્ટર, અદ્યતન સારવાર માટેની સુવિધા, ૨૫ બેડ થી વધુની સુવિધા ધરાવતી હોસ્પિટલો જેવા અનેક માપદંડ નક્કી કરવામાં આવ્યા છે. અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગના નિયમ અનુસાર કોઈ જ હોસ્પિટલ ન હોવાથી અરવલ્લી જિલ્લાના અમૃતમ યોજનાના કાર્ડ ધારકોને સારવાર માટે સાબરકાંઠા કે અમદાવાદ સુધી દોડવુ પડે છે. અમૃતમ યોજના જિલ્લાવાસીઓ માટે માથાના દુખાવા સમાન બની રહી છે.

ગરીબ દર્દીઓને થતા હૃદયની બિમારીઓ, કેન્સર, કિડની ગંભીર



(તસવીર : જય અમીન, મોડાસા)

બિમારી તેમજ અન્ય ગંભીર બિમારીઓમાં મફત સારવાર મળી રહે તે માટે સરકારે મા અમૃતમ યોજના શરૂ કરી છે. અરવલ્લી જિલ્લામાં આ યોજના હેઠળ ૫૮ હજાર જેટલા કાર્ડ પણ આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવ્યા છે. પરંતુ અરવલ્લી જિલ્લામાં એક પણ હોસ્પિટલની અંદર આ યોજના હેઠળ સારવાર આપવામાં આવતી નથી. અરવલ્લી મોટી સંખ્યામાં લાભાર્થીઓને મા અમૃતમ યોજનાના કાર્ડ અપાયા છે. પરંતુ આ દર્દીઓને હિંમતનગરની સિવિલ હોસ્પિટલ કે મેડિસ્ટાર હોસ્પિટલમાં તથા અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે જવું પડે છે. સરકારે અમૃતમ કાર્ડ ઈસ્યુ તો કરાયા પણ જિલ્લાની એકપણ હોસ્પિટલ સાથે એમોયુ ન કરાતા લોકોને ગંભીર બિમારીઓની સારવાર માટે ૧૦૦ કિલોમીટર સુધીનું અંતર કાપવું પડે છે. મેઘરજ, બાયડ અને માલપુરના અંતરિયાળ ગામોના કાર્ડધારકોએ તો જિલ્લામાં હોસ્પિટલના અભાવે અને ૧૦૦ કિમીથી વધુ અંતર કાપવુ પડતુ હોવાથી જિલ્લાની ખાનગી હોસ્પિટલોમાં સ્વખર્ચે સારવાર લેવા મજબુર બનવુ પડે છે. એક તરફ ગંભીર બિમારી હોય અને દર્દીને લાંબી મુસાફરી કરવી પડતી હોવાથી દરદી અને પરિવારજનોને હાલાકી ભોગવવી પડે છે.

# સરકારી મદદ વિના બોરટીંબાના રહીશોએ જાતે કૂવો ખોદ્યો

મોડાસા, તા. ૨૪

બાયડ તાલુકાના બોરટીંબા (વારેણા)ના ગામના લોકો આઝાદીના ૬૮ વર્ષ પછી પણ પીવાના પાણીની



વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યા છે. તાલુકા પંચાયતથી લઈને જિલ્લા પંચાયત સુધી અને ગામના મતોથી ચૂંટાયેલા બાબુઓ સુધી પાણીની મુશ્કેલી અંગે અનેકવાર રજૂઆતો કરી ચૂક્યા છે. પરંતુ હજુ સુધી તેમની મદદે એકપણ પાણીદાર નેતા આવ્યો નથી.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ગામના સરપંચ અમરતભાઇ પરમારે જણાવ્યું કે, વારેણા ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ બોરટીંબા ગામમાં એક હજારથી વધુ લોકો રહે છે અને બે હજારથી વધુ પશુઓ છે. ગામલોકો વર્ષોથી કૂવામાંથી પાણી મેળવીને પીવે છે. હાલમાં કૂવાના તળ પણ ખાલી થઇ જતાં મહિલાઓએ પાણી માટે દરદર ભટકવું પડે છે. પાણીની કાયમી સમસ્યાના નિવારણ માટે બોર બનાવવા તાલુકા અને જિલ્લા પંચાયતમાં અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે, છતાં આજદિન સુધી કોઇ પરિણામ મળ્યું નથી. -જા પાણી માટે વલખાં મારી રહી છે.

જોકે, ગામલોકોએ હવે સરકારની મદદની આશા છોડી દીધી છે. આખા ગામે ભેગા મળી નક્કી કર્યું કે, કોઈની મદદ લીધા વગર જાતે ગામના હિતમાં કૂવો ખોદીને પાણજી મેળવીશું. ગામમાંથી ફાળો ઉઘરાવી છેલ્લા એક સપ્તાહથી કૂવો ખોદવાનું કામ પણ શરૂ કરી દેવાયું છે. સરપંચના જણાવ્યા મુજબ,

### આવનાર ચૂંટણીમાં પાણી બતાવીશું : રહીશો

સ્થાનિક રહીશોએ રોષ સાથે જણાવ્યું કે, ચૂંટણી આવે એટલે નેતાઓ મત માગવા દોડ્યા આવે છે, તે સમયે તમારી પાણીની સમસ્યા ઉકેલાઇ જશે તેવા વાયદા કરીને જાય છે. નેતાઓના ભરોસે વર્ષો નીકળી ગયા, હવે પાણી માટે અમારી પણ ધીરજ ખૂટી ગઇ છે. આવનાર ચૂંટણીઓમાં પાણી બતાવી દઇશું.

### પાણી પુરવઠા વિભાગને જાણ કરાઇ છે : ટીડીઓ

બોરટીંબાગામનીપાણીની સમસ્યા અંગે બાયડ તાલુકા વિકાસ અધિકારી એસ. જે. ચાવડાએ જણાવ્યું કે, ગામમાં પાણીની સમસ્યાના નિવારણ માટે પાણી પુરવઠા વિભાગને દરખાસ્ત કરવામાં આવેલી છે. જે -ગતિ હેઠળ છે.

બીજીબાજુ સરકારી તંત્ર નપાણિયું પુરવાર થયું છે. આવી વિષમ સ્થિતિ વચ્ચે ગામલોકોએ હવે કોઇના પર નિર્ભર નહીં રહેતાં જાત મહેનત જિંદાબાદ કરી જાતે કૂવો ખોદવાનું શરૂ કરી દીધું છે. ૨૫ ફૂટ જેટલો કૂવો ખોદાઇ પણ ગયો છે. દિવસ રાત ગ્રામજનો એકઠા થઇ કૂવો ખોદતા ૨૫-૩૦ ફૂટ જેટલો ખોદાઇ ગયો છે. પાણી પીવા દરદર ભટકવું ના પડે તે માટે ગામલોકોએ સરકારની મદદ મળે કે ના મળે તેની સાડાબારી રાખ્યા વિના જાતે કૂવો ખોદી પાણી બતાવવનું કામ શરૂ કરી દીધું છે.

# લક્ષ્મીપુરામાં વાંઘાના પૂરથી ખેડૂતોને મોટુ નુકશાન

## જમીનો ધોવાઈ, ડ્રીપની પાઈપો તણાઈ તથા ખેતરમાં પાણી ભરાયા

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ખેડૂતોને કરૂડા ગામ બાજુથી આવતા વાંઘામાં ભારે પુર આવતાં ભારે નુકશાન થવા પામ્યું છે.

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામના પટેલ ડાહ્યાભાઈ કાળાભાઈ, પટેલ ભીખાભાઈ રેવાભાઈ તથા શૈલેષભાઈ રામજીભાઈ સહીત અન્ ખેડૂતોની ખેતીની જમીન કરૂડા ગામ બાજુથી આવતા વાંઘાના કિનારે આવેલી છે. આ વાંઘુ લક્ષ્મીપુરા પાસે ભીમાક્ષી નદીને મળે છે. રવિવારે મોડી રાત્રે પડેલ મુશળધાર વરસાદથી ભીમાક્ષી નદીની સાથે વાંઘામાં પુર આવતાં વાંઘાના પૂરના પાણી બાજુના ખેતરમાં ફરી વળ્યા હતા. અને ખેડૂતોને આ પૂરના પાણીએ મોટુ નુકશાન પહોંચાડ્યું હતું. ખેડૂતોની જમીન ધોવાઈ ગઈ હતી અને ખેતરોમાં મોટા ખાડા પડી જવા પામ્યા હતા. ખેતરોમાં પાણી ભરાઈ જવાથી



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેતર તળાવ જેવા લાગે છે. ખેતરોમાં બીછાયેલી ડ્રીપની પાઈપો તણાઈ ગઈ હતી જેથી ખેડૂતોને મોટુ નુકશાન થવા પામ્યું હતું. મગફળી સહીતના વાવેતરને પણ નુકશાન થયુ છે. ખેડૂતોને જમીન સરખી કરવા તથા ખરીફ પાક માટે ખાતર-બીયારણ માટે નવેસરથી ગણતરી કરવાનો વારો આવ્યો છે.

# ધાબા ગામની યુવતી પર દુષ્કર્મ કરી કલીપ ઉતારનાર સામે પોલિસ ફરિયાદ

ધાબા ગામની એક યુવતીને તેનાજ ગામનો યુવક ડીસા લઈ જઈ દુષ્કર્મ કરી વીડીયો-અશ્લીલ કલીપીંગ તથા ફોટો પાડી બ્લેકમેઈલ કરતો હતો જેની પોલિસ ફરિયાદ નોંધાઈ હતી.

ધાબા ગામની યુવતીને તેનાજ ગામનો પરેશ બળાભાઈ ત્રિવેદી એ આઠ માસ અગાઉ યુવતીને ડીસા લઈ ગયો હતો. અને તેની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ કરી તેના અશ્લિલ ફોટા અને વિડીયો ઉતારેલ હતો. વારંવાર આ નરાધમ યુવતીને આ ફોટો અને વિડીયો સોશ્યલ મીડીયામાં નાખી વાઈરલ કરવાની ધમકીઓ આપી તેનું શારિરીક શોષણ કરતો હતો આખરે યુવતી તેના શરણે ન થતા નરાધમે ફોટા વાઈરલ કરતા યુવતીના પિતાને આ મામલે ખબર પડતા તેઓ યુવતી સાથે ધાનેરા પોલિસ મથકે દોડી આવ્યા હતા અને દુષ્કર્મ કરનાર સામે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરાનો વિકાસ કુદકે ને ભુસકે વધી રહ્યો હોવાના ખોખલા દાવા વચ્ચે વાસ્તવિકતા જુદી જ છે. નગરની હિંગળાજ સોસાયટીમાં પહેલા જ સામાન્ય વરસાદના પાણીથી ગટરો ઉભરાવા લાગી છે અને ગટરના ગંદા પાણીથી સ્થાનિક રહિશો તોબા પોકારી ઉઠ્યા છે. અને સમસ્યાનું તાત્કાલિક ધોરણે સમાધાન કરવા માંગ કરી રહ્યા છે.



### ખેડબ્રહ્મામાં વર્ષો જૂના દબાણો હટાવાયા

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામમાં મહાકાળી માતાજી ચોકના રસ્તા પૈકીના વર્ષો જુના દબાણો હટાવી પંચાયત દ્વારા સપાટો બોલાવવામાં આવ્યો હતો. માર્ગમાં મોટા પથ્થર તથા વાડ બનાવી કેટલાક લોકો દબાણ કરી ૨૫ વર્ષ કરતા વધુ સમયથી હક્ક જમાવી બેઠા હતા ત્યારે પંચાયત દ્વારા શનિવારે આ માર્ગ પૈકી ૬ થી ૭ લોકો દ્વારા કરવામાં આવેલા દબાણ તણાવભરી સ્થિતિમાં દુર કરવામાં આવ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ)

# પ્રાંતિજમાં રાવળ યોગી સમાજનો સન્માન સમારંભ યોજાયો

પ્રાંતિજ, ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-કમાલપુર ખાતે આવેલ માર્કેટ યાર્ડના વિશાળ હોલમાં પ્રાંતિજ તાલુકા રાવળ યોગી વિકાસ મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનો પ્રથમ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો.

પ્રાંતિજ ખાતે રહેતા અને પ્રાંતિજ તાલુકાના ૨૭ ગામના રાવળ યોગી વિકાસ મંડળ દ્વારા તા. ૨૧-૬-૨૦૧૫ને રવિવારના રોજ કમાલપુર ખાતે આવેલ માર્કેટ યાર્ડમાં રાવળ સમાજ દ્વારા આયોજીત પ્રથમ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધો. ૧ થી ૧૨ સુધીના તેજસ્વી તારલાઓને સમાજ થકી ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં પહેલાં પ્રાર્થના બાદ આવેલ મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. જ્યારે સમાજ દ્વારા આવેલ મહેમાનોનું ફૂલહાર શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે રાવળ યોગી સમાજના પ્રમુખ ચંદુભાઈ એલ. રાવળ દ્વારા આવેલ મહેમાનોનું શબ્દોની મીઠાશ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતુ અને કાર્યક્રમને આગળ વધારવામાં આવ્યો હતો જ્યારે આ પ્રસંગે ઉપસ્થિત સમારંભના ઉદ્ઘાટક મહેન્દ્રસિંહ કે. બારૈયા, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય, સમારંભના મુખ્ય મહેમાન દેવેન્દ્રભાઈ એ. રાવળ, મંત્રી રામાભાઈ એચ. રાવળ, ચેરમેન રમેશભાઈ વી. રાવળ, મંત્રી ગુણવંતભાઈ એમ. રાવળ સંતો મહાસંતો અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે આવનાર મહેમાનો દ્વારા સમાજના તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે આ પ્રસંગે સમાજમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા હોલ પણ નાનો પડ્યો હતો અને આયોજકો પણ અચંબામાં પડી ગયા હતા. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ નટુભાઈ બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું. જોકે રાવળ યોગી સમાજ દ્વારા બોલાવવામાં આવેલ ભાજપનો એક પણ નેતા કે હોદ્દેદારોની ઉપસ્થિત ના રહેતા સમાજમાં ભારે પ્રત્યાઘાતો પડ્યા હતા અને કેમ ના આવ્યા ચર્ચાઓએ જોર પકડ્યું હતું.

# આજે મોડાસા ખાતે કોંગ્રેસના કાર્યકરોનું સંમેલન યોજાશે

## પ્રદેશના નેતાઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે પ્રદેશ કોંગ્રેસ સમિતિના આગેવાનોની ઉપસ્થિતિમાં જિલ્લાના કોંગ્રેસ કાર્યકરોનું સંમેલન આગામી ૨૫મી જૂને બપોરે ૧ કલાકે મોડાસા ટાઉનહોલ ખાતે યોજાશે.


પ્રાપ્ત વિગતો મુજબ ગજરાત કોંગ્રેસના પ્રભારી શ્રી ગુરૂદાસ કામત, પ્રદેશ પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી અને વિધાનસભા વિરોધ પક્ષના નેતા માનનીય શંકરસિંહ બાપુ સહિતના પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. આગામી તાલુકા જિલ્લા પંચાયત અને નગરપાલિકાની યોજાનાર ચૂંટણીઓ અને સંગઠનની કામગીરી પરત્વે માહિતગાર થઈ માર્ગદર્શન આપશે. જિલ્લાના સૌ આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે તે માટે જિલ્લા કોંગ્રેસ સમિતિ કમર કસી રહી છે.

# બોલુન્દ્રા સંસ્કૃત પાઠશાળામાં યોગ દિવસની ઉજવણી કરાઈ

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામની શ્રી કૃષ્ણાશ્રમ વૈદિક સંસ્કૃત પાઠશાળા બોલુન્દ્રા સંસ્કૃત પાઠશાળામાં પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો વિદ્યાર્થીઓના જીવનમાં યોગ-પ્રાણાયમ-આસનો સંદર્ભે આત્રેયભાઈએ માર્ગદર્શન વિદ્યાર્થીઓને આપી યોગ-પ્રાણાયમ વિદ્યાર્થીઓને શીખવાડ્યા હતા. શ્રી કૃષ્ણાશ્રમ વૈદિક સંસ્કૃત પાઠશાળા, આશ્રમ અગ્નિહોત્રી, ટ્રસ્ટી, આચાર્ય, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર અપાયુ

સમગ્ર ગુજરાત રાજયમાં ચાલુ સાલે જે રીતે ધો ૧૦ અને ૧૨નુ નીચુ પરીણામ આવ્યુ છે તેનાથી વિદ્યાર્થીઓ અને વાલીઓ હેરાન પરેશાન થઈ ગયા



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

છે. જયારે આ પરિણામ સૌથી વધુ અસર આદિવાસી વીસ્તારમાં જોવા મળી છે. ત્યારે અરવલ્લી જીલ્લા યુથ કોગ્રેસની આગેવાની હેઠળ અરવલ્લી જીલ્લા કોગ્રેસના નેતાઓની સાથે અરવલ્લી જીલ્લા શિક્ષણાધિકારીને શાળાઓમાં શિક્ષણના અધિકાર કાયદા આરટીઈનો અમલ કરાવવો શાળાઓમાં પુર્ણ પગારથી શિક્ષકોની ભરતી કરવી, ફીકસ પગારથી શિક્ષકોની ભરતી બંધ કરવી, શાળાઓમાં બીન શૈક્ષણિક સ્ટાફની તાકીદે ભરતી કરવી એસ.ટી. અને ઓબીસીના વિદ્યાર્થીઓને શાળાઓ શરૂ થઈ ગઈ હોવા છતા મફત મળવાના પાઠય પુસ્તકો હજુ મળ્યા નથી. ખાનગી શાળામાં ઉઘરાવાતી બેફામ ફી વધારો જેવી બાબતોને લઈને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે અરવલ્લી જીલ્લા યુથ કોગ્રેસના પ્રમુખ વનરાજસિંહ રાઠોડ, અરવલ્લી જીલ્લા પંચાયતના વિરોધપક્ષના નેતા અરૂણભાઈ પટેલ, મોડાસા યુથ કોગ્રેસના પ્રમુખ રાહુલ પટેલ, કોગ્રેસના અગ્રણી નેતા અને સરડોઈ ગ્રામ પંચાયતના સરપંચ જયદ્રથસિંહ પુવાર તેમજ મોટી સંખ્યામાં મહિલા કાર્યકરો ઉપસ્થીત રહી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦